Extra No. 220

વાર્ષિક લાવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LVII ]** **MONDAY, JULY 4, 2016/ASADHA 13, 1938**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ - ના તારીખઃ ૧૮મી જૂન, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૨૦/૨૦૧૬/એમકેએમ/૧૦/૨૦૧૪/૬૯૭૮૮૯/છ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

## Notification

***Regarding***

**The Office Superintendent, Class III, in the Directorate of Social Defence, Recruitment Rules, 2016.**

**સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૮મી જૂન, ૨૦૧૬.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીએચ / એસએચ / ૨૦ / ૨૦૧૬ / એમકેએમ / ૧૦ / ૨૦૧૪ / ૬૯૭૮૮૯ / છ:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત સમાજ સુરક્ષા વિભાગ (પેટા-સેવા ખાતાકીય અને ઉચ્ચતર ખાતાકીય પરીક્ષાને લગતી સેવાની શરતો) નિયમો, ૧૯૭૨ અનુસાર ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક

સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯કની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**એમ. એલ. ભગોરા,**
સરકારના ઉપસચિવ.

---

**સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.**